# દ્વારકાના બ્લૂ ફ્લેગ શિવરાજપુર બીચ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણી






દ્વારકા : રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ તેમજ જિલ્લા વહીવટી તંત્ર દેવભૂમિ દ્વારકાના સંયુક્ત ઉપક્રમે શિવરાજપુર બીચ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉપક્રમે કલેકટર એ જણાવ્યું હતું કે, આ મહોત્સવ ગુજરાતની લોકસંસ્કૃતિ, પરંપરા અને પર્યટન વૈભવને વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરનારું મહત્વપૂર્ણ આયોજન છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દરમિયાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના પતંગ પ્રદર્શન, વિવિધ આકારના વિશાળ અને કલાત્મક પતંગોની પ્રદર્શની, લોક સાંસ્કૃતિક કાર્યક્રમો, પર્યટનને પ્રોત્સાહન આપે છે.

આઈ.એન.એસ. કમાન્ડિંગ ઓફિસર કેપ્ટન શશાંક શર્માએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પતંગ રસિકોને આવકારીને કાર્યક્રમને બિરદાવ્યો હતો. મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ઉપરાંત પરંપરાગત રાસ પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ રાજ્યોના ૧૧ રાષ્ટ્રીય તથા ૩૨ આંતરરાષ્ટ્રીય પતંગબાજો દ્વારા વિવિધ આકાર, રંગ અને કલાત્મક ડિઝાઈન ધરાવતા પતંગો આકાશમાં ઉડાવવામાં આવ્યા હતા, જે દર્શકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતા. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણીમાં નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા, પ્રાંત અધિકારી કે.કે. કરમટા, કોસ્ટ ગાર્ડ સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## લાલપુરના પડાણા પાસે માસુમ બાળકનો પતંગે જીવ લીધો

### વીજ વાયરમાં પતંગ ફસાઈ જતાં વીજ આંચકો લાગવાથી સારવારમાં નીપજ્યું મોત

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પડાણા ગામના પાટીયા પાસે એક શ્રમિક પરિવારના દસ વર્ષના માસુમ બાળક માટે પતંગ જીવલેણ સાબિત થયો છે. ભીની જમીન પર પતંગ ઉડાવી રહેલા બાળકનો પતંગ વિજ તારમાં ફસાઈ જતાં તેમાંથી વીજ આંચકો લાગ્યો હતો, અને તેનું સારવાર દરમિયાન કરુણ મૃત્યુ નીપજ્યું છે. જેથી શ્રમિક પરિવારમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ લાલપુર તાલુકાના પડાણા ગામના પાટીયા પાસે રહીને મજૂરી કામ કરતા કમજીભાઈ અદુભાઈ બારીયા નામના ૪૦ વર્ષના આદિવાસી શ્રમિક યુવાન નો ૧૦ વર્ષનો પુત્ર રોહિત બારીયા કે જે ગત ૧.૧.૨૦૨૬ ના સવારના ૧૦ વાગ્યાના અરસામાં પડાણા ગામના પાટીયા પાસે ખુલ્લા મેદાનમાં પતંગ ઉડાવી રહ્યો, જે સ્થળે જમીન ભીની હતી. અને તેના પર ખુલ્લા પગે પતંગ ઉડાવતો હતો.

દરમિયાન તેનો ઉડતો પતંગ ઉપરથી પસાર થઈ રહેલી વીજ લાઈનમાં ફસાઈ ગયો હતો, જેથી તેને એકાએક તેમાંથી વિજ કરંટ લાગી ગયો હતો, અને વીજ શોક લાગવાથી રોહિત બેભાન બન્યો હતો. જેને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જયાં સારવાર દરમિયાન પાંચમી તારીખે તેનું મૃત્યુ નીપજ્યું હતું, જેને લઈને શ્રમિક પરિવારમાં ભારે ગમગીની છવાઈ હતી. આ બનાવ અંગે મૃતક બાળક રોહિતના પિતા કમજીભાઈ બારીયાએ પોલીસને જાણ કરતાં મેઘપર પડાણા ના પોલીસ હેડ કોન્સ્ટેબલ આર.એમ. થાનકી હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને બાળકના મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં યુવાનના ફ્લેટમાં ઘુસી તોડફોડ કરી કિંમતી દરેડ પ્લોટના દસ્તાવેજની તસ્કરી

### રિસામણે બેઠેલી પત્ની અને સાળી તથા સાઢુભાઈ સહિત ત્રણેય સીસીટીવી કેમેરામાં કેદ

જામનગર : જામનગરમાં કાલાવડ નાકા બહાર એક એપાર્ટમેન્ટમાં રહેતા યુવાનના ફ્લેટમાં તોડફોડ કરી દસ્તાવેજો ચોરી કરી ગયાની તેની પત્ની અને સાળી-સાઢુભાઈ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં કાલાવડ નાકા બહાર અલમહંમદી એપાર્ટમેન્ટની બી વીંગમાં ફ્લેટ નંબર ૫૦૨ માં પાંચમા માળે રહેતા ઈમરોજ અબ્દુલ કાદર મેંતર નામના ૩૪ વર્ષના યુવાને પોતાના બંધ રહેલા ફ્લેટમાં તોડફોડ કરી નુકસાની પહોંચાડવા અંગે તેમજ પડાણા ગામ પાસે આવેલા કિંમતી પ્લોટના દસ્તાવેજની ઓરીજનલ અને ડુપ્લીકેટ બંને નકલની ચોરી કરી લઈ જવા અંગે પોતાની રીશામણે બેઠેલી પત્ની ઉપરાંત સાળી અને સાઢુભાઈ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી ઈમરોજ ભાઈ કે જેની પત્ની શબનમબેન છેલ્લા છ મહિનાથી રીસાણીએ બેઠી છે, અને પોતાના માવતરે ચાલી ગઈ છે.

જે રિસામણે બેઠેલી પત્ની પોતાની બહેન શબાનાબેન હસનભાઈ મજગુલ અને બનેવી હસનભાઈ મજગુલ સાથે પોતાના ઘેર આવી હતી, ત્યારે ફ્લેટ બંધ હતો, જે ફ્લેટને ખોલી નાખી અંદર ઘુસી જઈ ઈલેક્ટ્રીકના વાયરીંગમાં તથા અન્ય બારીના કાચ, રસોડાના પ્લેટફોર્મ વગેરેમાં તોડફોડ કરી નુકસાની પહોંચાડી હતી.

ત્યારબાદ પેટી પલંગની અંદર રાખવામાં આવેલા પડાણા પાટીયા પાસેના કીમતી પ્લોટના દસ્તાવેજની ઓરીજનલ અને ડુપ્લીકેટ ફાઈલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.

ફરિયાદી યુવાન પોતે ખાનગી કંપનીમાં નોકરી કરતો હોવાથી અને હાલ એકલો રહેતો હોવાથી પોતાના ફ્લેટને તાળું મારીને નોકરી પર ગયો હતો, દરમિયાન પાછળથી તેમની રિસામણે બેઠેલી પત્ની અને તેણીની બહેન અને બનેવીએ આ ચોરીને અંજામ આપ્યો હતો.

એપાર્ટમેન્ટમાં લગાવેલા સીસીટીવી કેમેરા ચકાસતાં દિવસ દરમિયાન પત્ની અને તેના બેન બનેવી એપાર્ટમેન્ટમાં દાખલ થતા જોવા મળ્યા હતા. ઉપરાંત પોતાના પ્લોટનો દસ્તાવેજ ચોરીને લઈ જઈ રહ્યા હતા, જે ફાઈલ પણ સીસીટીવી કેમેરામાં દેખાઈ હતી, જે મામલે પી.એસ.આઈ. વી.આર. ગામેતી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## જામનગરમાં મોબાઈલ પર ક્રિકેટ મેચનો સટ્ટો રમતો શખ્સ ઝડપાયો, બુકીનું નામ ખુલ્યું

જામનગર : જામનગરમાં જૂના કુંભારવાડા વિસ્તારમાં ગઈકાલે રાત્રે પોલીસે જુગાર અંગે દરોડો પાડયો હતો, અને જાહેરમાં એક પાનની દુકાને મોબાઈલ ફોન પર ક્રિકેટના રનફેર નો જુગાર રમી રહેલા એક શખ્સની અટકાયત કરી લીધી છે. જેની પૂછપરછ દરમિયાન ક્રિકેટના સોદાની કપાત કરનાર મુખ્ય બુકીનું નામ ખુલ્યું છે.

જામનગરના કુંભાર વાડા વિસ્તારમાં રહેતો અસલમ નૂરમહંમદભાઈ કુરેશીની નામનો શખ્સ મોબાઈલ ઉપર ક્રિકેટ મેચ સટ્ટો રમતો હોય જેને સીટી એ ડિવિઝન પોલીસે રંગેહાથ ઝડપી લીધો હતો અને તેની અટકાયત કરી રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન વગેરે કબજે કર્યા છે.

પોલીસ દ્વારા તેની વધુ પૂછપરછ કરવામાં આવતાં પોતે કુંભારવાડા વિસ્તારમાં રહેતા છોટીયા દરજી પાસે ક્રિકેટના સોદાની કપાત કરાવતો હોવાથી પોલીસે તેને ફરારી જાહેર કર્યો છે, અને શોધખોળ હાથ ધરી છે.

## જામનગરમાં બે પાડોશીઓ વચ્ચે તકરાર થતા માતા-પુત્રીના માથું ફોડી નાખ્યાં

### સામા પક્ષે પણ લાકડી વડે હુમલામાં પિતા-પુત્રી ઘાયલ થયા : સામ સામે ફરિયાદ નોંધાવાઈ

જામનગર : જામનગરના ગોકુલનગર વિસ્તારમાં બે પડોશીઓ વચ્ચે તકરાર થતા બન્ને પક્ષે ચાર વ્યક્તિઓ ઘાયલ થયાની સામસામી ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં ગોકુલનગર નજીક સોમનાથ સોસાયટી શેરી નંબર - ૧૬ માં રહેતા રાહુલ ખીમાભાઈ ચાવડા નામના યુવાને પોતાના માતા વિજયાબેન તથા મોટા બહેન સરલાબેન ઉપર લાકડાના ધોકા વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવા અંગે પાડોશમાં રહેતા બે દંપતિઓ શક્તિ કાનજીભાઈ કુકડીયા અને લાલજી કાનજીભાઈ કુકડીયા તેમજ ભારતીબેન શક્તિભાઈ કુકડીયા અને આરતીબેન લાલજીભાઈ કુકડીયા સામે ફરિયાદ નોંધાવી છે.

ઉપરોક્ત ચારેય આરોપીઓએ તમે અમારી ખટપટ શું કામ કરો છો, અને મકાન ખાલી કરીને ચાલ્યા જાવ, તેમ કહી ઝઘડો કર્યો હતો. અને લાકડાના ધોકા વડે હુમલો કરી દેતાં માતા પુત્રી ઘાયલ થયા છે. અને જી.જી. હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જેમાં પુત્રી સરલાબેનના માથામાં હેમરેજ સહિતની ગંભીર ઈજા થઈ છે, અને ઓપરેશન કરવાની તજવીજ ચાલી રહી છે. પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત સામા પક્ષે દિનેશ ઉર્ફે લાલજી કાનજીભાઈ કુકડીયા એ પોતાના ઉપર લાકડા નો ધોકો ફટકારી માથું ફોડી નાખવા અંગે રાહુલ ખીમાભાઈ ચાવડા, ખીમાભાઇ રણમલભાઈ ચાવડા, સરલાબેન વિપુલભાઈ આરઠીયા, અને કાજલબેન ખીમાભાઈ ચાવડા સામે વળતી ફરિયાદ નોંધાવી છે.

જેમાં ફરિયાદી યુવાનને માથામાં ઈજા થઈ હોવાથી જી.જી. હોસ્પિટલમાં સાત ટાંકા લેવા પડ્યા છે. આ ઉપરાંત તેની પુત્રી રૂપાલીને પણ માર માર્યો હોવાથી ઈજા થઈ છે, અને તેને પણ પ્રાથમિક સારવાર લેવી પડી છે. સમગ્ર મામલે સીટી સી. ડિવિઝન પોલીસ વધુ તપાસ ચલાવે છે.

## જામનગરમાં બાઈક પર સવારનું યુવાનના ગળામાં પતંગની દોરી વિટાઈ જતા ઘાયલ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ઉતરાણ પહેલા જ એક બાઈક ચાલક યુવાનને ગળામાં પતંગની દોર વિટાઈ જતા તેને ઈજાગ્રસ્ત બનતા તાત્કાલિક તેને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો છે. જોકે તેની તબિયત સુધારા પર છે.

જામનગરમાં ડિફેન્સ કોલોની વિસ્તારમાં રહેતો સમીર દલ નામનો ૪૨ વર્ષનો યુવાન ગઈકાલે પોતાનું બાઈક લઈને દિગજામ સર્કલ થઈને આંબેડકર બ્રિજ ઉપરથી પસાર થઈ રહ્યો હતો, તે દરમિયાન એકાએક પતંગની દોરી તેના ગળામાં વીટળાઈ ગઈ હતી, અને ડોકના ભાગે ઈજા થઈ હતી, અને લોહી લૂહાણ બન્યો હતો. જેને તાત્કાલિક અસરથી સારવાર માટે જામનગરની સરકારી જી.જી હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો, ત્યાં તબીબો દ્વારા તેની તાકીદની સારવાર કરવામાં આવી હતી. જોકે તેની હાલત સુધારા પર હોવાથી તેને રજા આપી દેવામાં આવી છે.

## દરેડ વિસ્તારમાં બાઈકની ચોરી કરનાર તસ્કર અટકાયત

જામનગર : જામનગર નજીક દરેડ વિસ્તારમાં બે દિવસ પહેલાં રાત્રિના સમયે એક મોટરસાયકલની ચોરી થઈ હતી, જે અંગે પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી, જે ફરિયાદના અનુસંધાને પોલીસી ઈન્સ્પેક્ટર વી.જે. રાઠોડ અને તેઓની ટીમે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

જેઓએ ઉપરોક્ત મોટરસાયકલની ચોરી કરનાર જામનગરના રામેશ્વર નગર વિસ્તારમાં રહેતા પિયુષ ઉર્ફે પ્રિન્સ જયસુખભાઈ પરમાર નામના શખ્સને ઝડપી લીધો હતો. તેણે પોતાની સાથે અન્ય બે ટાબરીયાઓની મદદથી ઉપરોક્ત બાઈકની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી, અને તુલસી પાર્ક વિસ્તારમાં બાવળની જાળીમાં ત્રણેય ભેગા મળીને મોટરસાયકલને ખોલી નાખી તેના સ્પેરપાર્ટ જુદા પાડીને વેચવાની પેરવી કરી રહ્યા હતા, પરંતુ તે પહેલાં પોલીસના હાથે ઝડપાઈ ગયા છે.

## જામનગરમાં બાઈક પર સ્ટંટ કરી રીલ બનાવનારા ૬ શખ્સોના પોલીસે સીન વિખી નાખ્યા


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં નાગનાથ ગેઈટ ચોકડી વિસ્તારમાં જાહેરમાં બાઈક પર સ્ટંટ કરીને સીન સપાટા કરી રહેલા ૬ શખ્સોએ રીલ બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કરી હતી. જે બાબતે પોલીસનું ધ્યાન પડતાં આ રીલના સંદર્ભ કમાન કંટ્રોલરૂમના સીસીટીવી કેમેરા અને હ્યુમન સોર્સીસની મદદથી જાહેરમાં સીન સપાટા કરનાર છ વ્યક્તિને શોધી લેવાયા છે, અને તમામ સામે ગુનો નોંધી કાયદાનું ભાન કરાવ્યું છે. જામનગરની ટ્રાફિક શાખાએ સમગ્ર કાર્યવાહી કરી હતી.

જામનગરના સોશિયલ મીડિયામાં તાજેતરમાં એક રીલ વાઈરલ થઈ હતી ઈન્સ્ટાગ્રામ પર રીલ મુકનારા પોતે જાહેરમાં નાગનાથ ગેઈટ ચોકડી જેવા વિસ્તારમાં સ્ટંટ કર્યો હતો, અને બાઈક ને ભયજનક સ્થિતિમાં ચલાવી જાહેરમાં રોડની વચ્ચે દેકારો મચાવી સૂત્રોચાર સહિતના સીન સપાટા કર્યા હતા. જે રીલના સંદર્ભમાં પોલીસ તંત્ર એક્ટિવ બન્યું હતું. સૌપ્રથમ જામનગરના કમાન્ડ એન્ડ કંટ્રોલ વિભાગની ટીમેં હરકતમાં આવી જઈ આ રિલ બનાવનાર શખ્સોને શોધવા માટે અને તેઓનું બાઈક શોધી કાઢવા માટે જુદા જુદા કેમેરાના એંગલ પરથી ફૂટેજ મેળવ્યા હતા.

જોકે તે ફૂટેજમાં બાઈક નંબર પ્લેટ વગરનું હતું, તેથી ઓળખવું મુશ્કેલ હતું. અને સમગ્ર કાર્યવાહી ટ્રાફિક શાખા દ્વારા હાથ ધરવામાં આવી હતી. જ્યાં ટ્રાફિક પીઆઈ એમ.વી. ગજ્જર, પીએસઆઈ એ. એચ. ચોવટ અને સ્ટાફના સત્યજીતસિંહ વાળા, મનોહરસિંહ ઝાલા પ્રવીણભાઈ સહિતની ટીમ દ્વારા આ પ્રકરણમાં ઊંડાણ પૂર્વકની તપાસ કરવામાં આવી હતી ,અને જુદા જુદા હ્યુમન સોર્સના સહારે સિન સપાટા કરનારા છ શખ્સો ને શોધી લેવાયા હતા. જેમાં બે સગીર વયના કીશોરો હતા, ઉપરાંત અન્ય ચાર વ્યક્તિ વિક્રમ સુરેશભાઈ પરમાર, નાસીર રજાકભાઈ વાઘેર, આશિષ જેસંગભાઈ મકવાણા અને ક્રિપાલસિંહ દિલીપસિંહ જાડેજાની ઓળખ મેળવી લઈ તમામને ટ્રાફિક શાખાની ઓફિસે બોલાવ્યા હતા, અને તેઓએ રીલ બનાવ્યું હોવાની કબુલાત આપી હતી, અને જે બાઈક તેમાં ઉપયોગમાં લીધું હતું તે જીજે ૧૦ બીપી ૭૦૮૨ નંબરનું બાઈક પણ સાથે લાવ્યા હતા. પોલીસ દ્વારા તમામ સામે જુદી જુદી કલમો હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે, અને ફરીથી આવી રીતે કાયદાનું ઉલ્લંઘન નહી કરે એવી સમજ આપી કાયદાનું ભાન કરાવ્યું છે.

## બ્રિજ પર સ્વખર્ચે રિફ્લેકટર લગાવી જામ્યુકોના ગાલે લગાવ્યો તમાચો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના રણજીતસાગર રોડ ઉપર આવેલા લાલપુર ચોકડી પછીના બ્રિજ ઉપર અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતી હતી. જે નિવારવા માટે બ્રિજ ના છેડે રિફ્લેકટર લગાવવા અંગે જામનગર મહા નગરપાલિકામાં સંબંધિત વિભાગ ને લેખિત તથા મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. છતાં પણ નગરોળ તંત્ર દ્વારા આ અંગે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ના આવતા પાર્થ પટેલે પોતાના ખર્ચે બ્રિજ પર રિફ્લેકટર લગાડયુ હતું.

આ કામગીરી તંત્રના ગાલે તમાચા સમાન છે. મહત્વનું છે કે રણજીતસાગર રોડ પર આવેલ આ બ્રિજ પર લગભગ અઠવાડીયામાં ૩ થી ૫ વખત અકસ્માતની ઘટના સામે આવી રહી છે.

## ખંભાળિયામાં ખાનગી શાળામાં નોકરી કરતા શિક્ષિકાને મારી નાખવાની ધમકી

ખંભાળિયા : ખંભાળિયાના ધરમપુર ગામમાં રહેતા અને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરતા એક મહિલાને ખંભાળિયાના શખ્સે પોતાની સાથે વાત કરવાના પ્રશ્ને ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ બનાવની સ્થાનિક પોલીસમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આગળની તપાસ આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના ધરમપુર ગામે રહેતા સોનલબેન હિતેશભાઈ ભરાડા શાળાએથી નોકરી પૂરી કરીને શાળાની બસમાં ઘરે જતા હતા ત્યારે રસ્તામાં ખંભાળિયામાં બેઠક રોડ પર શાળાના વિદ્યાર્થીઓને ઉતાર્યા હતા. આ વેળાએ ખંભાળિયામાં રહેતા રામભાઈ કરસનભાઈ ભાચકન નામના શખ્સે ઝગડો કરી જેમફાવે તેમ ગાળો કાઢી તેની સાથે વાત નહિ કરે તો જાનથી મારી નાખવાની ધમકી આપતા સોનલબેન ભરાડા દ્વારા શખ્સ સામે ખંભાળિયા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૪૫ વર્ષ ૨૦૨૫-૨૬ તા.૦૯/૦૧/૨૦૨૬

**ગેટ લોન્જ ની સુધારણાના સંબંધમાં ડ્યૂટી બંક, રોડ સપાટી અને અન્ય સંપત્તિઓનું સમારકામ**

ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૫-૨૬-E-૯૪

**કામનું નામ :** રાજકોટ ડિવિઝન :- વાંકાનેર-નવલખી અને દહિંસરા-માળીયા મિયાણા સેક્શનમાં ગેટ લોન્જ ની સુધારણા સંબંધમાં ડ્યૂટી બંક, રોડ સપાટી અને અન્ય સંપત્તિઓનું સમારકામ.

**NITની અંદાજીત પડતરઃ** ₹ ૧,૯૯,૫૩,૪૬૬.૦૬

**અર્નેસ્ટમની:** ₹ ૨,૪૯,૮૦૦.૦૦

**ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** ૦૨-૦૨-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે.

**ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટઃ** www.ireps.gov.in

RJT-185

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

